॥ तस्य वाचकः प्रणवः ॥

ઋતમ્ભરા

આત્મનો હિતાય જગતઃ સુખાય



'યોગ' ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ' બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

॥ૐ॥
॥ तस्य वाचकः प्रणवः॥

ઓમ્ પરિવારના ઉત્સવ–૨૦૦૨

કયા પ્રસંગ નિમિત્તે	સ્થળ	તારીખ અને વાર
મહાશિવરાત્રી	અમરેશ્વર મહાદેવ, જલારામ મંદિર, લાલદરવાજા, મુ. ઉમરેઠ, જિ. આણંદ.	૧૭-૩-૨૦૦૨ રવિવાર સવારે ૧૦ થી ૨.૦૦
હનુમાન જયંતી	ગોવિંદભાઈ પ્રજાપતિ ૧, ભદ્રેશા એપાર્ટમેન્ટ અંકુર બસ સ્ટેન્ડ પાછળ, અંકુર, નારણપુરા, અમદાવાદ-૧૩	૨૮-૪-૨૦૦૨ રવિવાર સાંજે ૫ થી ૭
ગુરુપૂર્ણિમા	ઈચ્છાબેનની વાડી, પુષ્પકુંજ પાસે, કાંકરીયા, મણીનગર, અમદાવાદ-૨૮.	૨૪-૭-૨૦૦૨ બુધવાર સવારે ૮ થી ૨
ઓમ્ ગુરુદેવ જયંતી	પંકજભાઈ શાહ અશોક એપાર્ટમેન્ટ, સેન્ટ્રલ બેંકની સામેની ગલીમાં, સી. એન. વિદ્યાલય પાસે, આંબાવાડી, અમદાવાદ.	૩૧-૧૦-૨૦૦૨ ગુરુવાર સાંજે ૪.૩૦ થી ૮
બેસતું વર્ષ	નૈષધભાઈ વ્યાસ ૩, ગંગાધર સોસાયટી, સરદાર પટેલ હાઈસ્કૂલની સા[illegible], મણીનગર, અમદાવાદ-૮.	૦૫-૧૧-૨૦૦૨ મંગળવાર સવારે ૭ થી ૮
શ્રી ગાયત્રી અનુષ્ઠાન સાધના શિબિર નિમિત્તે	"નિર્વિકલ્પ મુક્તિધામ" નાથાભાઈ એ. પટેલના ખેતરમાં, મુ. પલિયડ (વેડા), તા. કલોલ, જિ. મહેસાણા.	૨૯-૧૨-૨૦૦૨ રવિવાર સવારે ૧૦ થી ૨

નોંધ : ઓમ્ ભગવાનની કૃપાથી, આધ્યાત્મિક સ્મૃતિની જાગૃતિ અને આધ્યાત્મિક સંગઠનની ભાવનાથી ઉત્સવ મનાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. તો ઉત્સવ વિષેની વિગત ઉત્સવના આઠ-દસ દિવસ પહેલાં મેળવી લેવી જરૂરી છે. અમદાવાદની બહાર ઊજવાતા ઉત્સવના સ્થળે પહોંચવા માટે લક્ઝરી કે એસ.ટી. બસની વ્યવસ્થા કરવામાં આવે છે. તો જે તે કાર્યક્રમ માટે નક્કી થયેલ સમય પહેલાં પૈસા ભરી નામ નોંધાવી દેવું જરૂરી છે.

ઉત્સવની તારીખ અને સ્થળ યાદ કરવા માટે આ પત્રિકાની સાચવણી જરૂરી છે.

ઋતમ્ભરા

(ઋતમ્ભરા એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું)
(બહુજનહિતાય-બહુજનસુખાય)
જાન્યુઆરી-ફેબ્રુઆરી-માર્ચ (ત્રિમાસિક)

VOL-XIII (2001-2002) ISSUE-III માનદ્ તંત્રી - નેપધ વ્યાસ

ગુરુમહિમા

(યોગરહસ્યોથી ભરપૂર - ગુરુનિષ્ઠારસથી તરબોળ)

- યોગભિક્ષુ

"ગુરુ પર લગની નિશદિન લાવે, તો શેતાન કાળ નજીક ન આવે." જેણે પાંચ ક્લેશોને નાબૂદ કરી દીધા છે, જેનો કાળનો ભય ટળી ગયો છે; ગુરુતત્ત્વમાં પળેપળ લગની રાખી, ગુરુ પાસેથી જ્ઞાન મેળવી કાયામાં રહેલા ભય અને ક્લેશોને ટાળી દીધા છે તેને કાળ ડરાવી શકતો નથી. કાળથી ડરે તેને કાળનો ભય હોય. જે શિષ્યે ગુરુજ્ઞાન પ્રાપ્ત કરી લીધું છે તેને કાળનો ભય જ નથી હોતો. અને તેથી જ કાળ તેનું કાંઈ બગાડી શકતો નથી, તેને ડરાવી શકતો નથી.

જાત, વરણ કુળ ભેદ ન ભાળે,
ગુરુની પ્રતમા આખર લગ પાળે;
શ્વાસોશ્વાસ સ્મરણ ગુરુ કેરો,
તો સહેજે મટે ભવસાગર ફેરો.

હું આ જાતિનો કે આ વર્ણનો કે આ કુળનો છું એવો ભેદ ન રાખે તો જ તેનું અભિમાન નષ્ટ થઈ શકે અને ગુરુ સાથે નિર્મળ રહી શકે. શિષ્ય આ રીતે નિરાભિમાની બની શકે, તો ગુરુદેવ જે કાંઈ આપવા ઈચ્છતા હોય તે એ ગ્રહણ કરી શકે. ગુરુજીની પાસે દશ શિષ્યો બેઠા હોય; તે દરેકને ગુરુ એક જ પ્રકારનું જ્ઞાન આપતા હોય; પરંતુ એ દશેયમાંથી જેને અભિમાનનું આવરણ ના હોય એ શિષ્ય જ્ઞાનને વધુ સહજતાથી સ્વીકારી શકે છે. બાકીના શિષ્યો પાણ એ જ જ્ઞાનગંગાને ઝીલતા હોય છે. પરંતુ તેમનું અભિમાન જ્ઞાનપ્રાપ્તિની વચ્ચે દીવાલ બનીને ઊભું રહે છે. સ્થૂળ કાનથી આગળ એ વાત જાય તો જ એને સ્વીકારવાનો પ્રશ્ન ઊભો થાય ને? અભિમાનને લીધે ગુરુજીની વાત શિષ્યોના સ્થૂળ કાનથી આગળ જાય જ નહીં, તેના હૃદયની અંદર ઊતરે જ નહીં.

અર્જુનને વિરાટ સ્વરૂપનું દર્શન કરાવવા ઈચ્છતા હતા ત્યારે શ્રીકૃષ્ણે વિચાર કર્યો કે એ ચર્મચક્ષુથી વિરાટ પુરુષનાં દર્શન શી રીતે કરશે? અને એમ થશે તો એનાં ચર્મચક્ષુ ફૂટી જશે. એટલે શ્રીકૃષ્ણે અર્જુનને ત્રીજા નેત્રનું પ્રદાન કર્યું. એ નેત્ર ભ્રૂકુટીમાં રહેલું છે. એને બુદ્ધિનેત્ર - જ્ઞાનનેત્ર કહેવાય છે. જે વસ્તુઓ ચર્મચક્ષુના કાર્યક્ષેત્રની બહાર છે એવી તમામ વસ્તુઓને જ્ઞાનચક્ષુથી જોવાની હોય છે. એ નેત્ર-ચક્ષુ જ્યાં ત્રિવેણી-સંગમ છે, જ્યાં ઈડા, પિંગલા અને સુષુમણા નાડીનું સંગમસ્થાન છે ત્યાં આવેલું છે. શાસ્ત્રમાં જે સંગમસ્થાનનો મહિમા છે એ જગ્યા. એમાં જો સ્નાન કરવામાં આવે, એટલે

કે ઈડા, પિંગલા અને સુષુમ્ણા નાડીઓના સંગમસ્થાનમાં જો પ્રાણને પહોંચાડી દેવામાં આવે, તો ત્યાંથી થોડા આગળ અનાહત નાદ; અને અનાહત નાદથી થોડા આગળ પ્રકાશ; અને પછી સમાધિ; ત્યારબાદ પરમાત્માનો સાક્ષાત્કાર થવાનો હોય છે. અસ્તુ.

"ગુરુની પ્રતમા આખર લગ પાળે." અહીં "પ્રતમા" શબ્દ ખૂબ વ્યાપક અર્થમાં વપરાયો છે. તે શબ્દ પૂરો પારિભાષિક છે. ગુરુની પ્રતમા એટલે ગુરુના ઉપદેશોને, ગુરુની આજ્ઞાઓને સારી રીતે સમજી ગુરુની મર્યાદામાં રહી, તેનું પાલન કરે ત્યારે ગુરુની પ્રતમા પાળી એમ કહી શકાય. આ રીતે ક્યાં સુધી ગુરુઆજ્ઞાનું પાલન કરવાનું? "આખર લગી." જ્યાં સુધી ગુરુનું શરીર રહે ત્યાં સુધી અને જ્યાં સુધી શિષ્યનું શરીર રહે ત્યાં સુધી. આમ, "આખર" શબ્દ ગુરુ અને શિષ્ય બંનેનાં શરીર માટે લાગુ પડે છે. વળી આગળ "ગુરુની મર્યાદા"ની જે વાત આવી એ ગુરુને કઈ રીતે સેવવા એ અર્થમાં લેવાની છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે "ગુરુ અને અગ્નિને બહુ નજીકથી ના સેવવા." એમાં આટલું ઉમેરીએઃ "ગુરુ અને અગ્નિને બહુ દૂર રાખીએ તો તેનો ફાયદો ના ઉઠાવી શકીએ. શિયાળો હોય, આપણને બહુ ઠંડી લાગતી હોય અને આપણે સગડી સળગાવીએ; પરંતુ જો એ સગડીને આપણાથી ઘણે દૂર રાખીએ તો તેનો તાપ લાગે નહીં અને આપણી ઠંડી ઊડે નહીં. જો આમ, આપણે આપણા ગુરુજનોને મળતા જ ના હોઈએ; એમનો સંપર્ક જ ના રાખીએ; આપણા ઘેર બોલાવતા જ ના હોઈએ; એક વાર મળ્યા એ મળ્યા, પછી જય સીતારામ! ક્યારેય મળવાનો પ્રયત્ન જ ના કરીએ; ભગવાને આપેલા તન-મન-ધનનો ઉપયોગ આપણે એમના માટે કરીએ જ નહીં; તો એને "ગુરુથી બહુ દૂર જ રહ્યા" એમ કહેવાય. 'બધું જ ગુરુનું', 'બધું જ ગુરુનું', 'બધું જ ગુરુનું' એમ બોલતા હતા, પરંતુ એ બધું વાપરવાનો પ્રસંગ આવ્યો ત્યારે વૃત્તિ બદલાઈ ગઈ. તો, આવું બધું થાય ત્યારે તેને તાત્ત્વિક રીતે ગુરુથી બહુ દૂર રહ્યા એમ કહી શકાય. હવે "ગુરુજનોને બહુ નજીકથી ન સેવવા" એ વાતને સમજીએ.

જેમ અગ્નિની ખૂબ નજીક જવાથી દાઝી જવાય છે તેમ ગુરુજનોની નજીક જતાં દાઝી જવાય છે. ગુરુજનો પ્રજ્વલિત અગ્નિ જેવા છે. જો સ્થૂળ અગ્નિની નજીક જઈએ ત્યારે સ્થૂળ રીતે શરીરથી દાઝી જવાય છે, પરંતુ ગુરુજનોને ખૂબ નજીકથી સેવીએ ત્યારે સ્થૂળ શરીર દાઝતું નથી. આ વાતને મનોવિજ્ઞાનના નિયમથી સમજવાની છે. ગુરુજનો પોતાની મસ્તીમાં મસ્ત હોય છે. શિષ્ય જ્યારે તેમની ખૂબ નજીક આવી જાય ત્યારે તેઓ શિષ્ય સાથે ક્યારેક મિત્રની જેમ, તો ક્યારેક પુત્રની જેમ, ક્યારેક પિતાની જેમ, તો ક્યારેક સગાંસંબંધીની જેમ વર્તતા હોય છે. શિષ્ય જ્યારે ઘણાં લાંબા સમય સુધી ગુરુજનોની ખૂબ નજીક રહે છે, અને ગુરુદેવનું શિષ્ય તરફનું વર્તન ઉપર જણાવ્યા મુજબનું હોય છે ત્યારે શિષ્ય શરૂશરૂમાં ક્યારેક ક્યારેક ગુરુમર્યાદાનું ઉલ્લંઘન કરી તેમની સાથે મિત્રભાવે, પિતૃભાવે, સ્નેહીભાવે વર્તવા લાગે છે. વધુ સમય પસાર થતાં શિષ્યમાં એક પ્રકારનો અહમ્ વધવા લાગે છે. તે એમ માનતો થઈ જાય છે કે હવે તો ગુરુજી મારી સાથે અમુક પ્રકારે વર્તે છે, તેથી હું પણ તેમની કક્ષાએ પહોંચી ગયો છું; હું પણ ગુરુ થઈ ગયો છું. બસ!!! આમ જે વાત ક્યારેક ક્યારેક બનતી, તે હવે રોજ નિયમિતપણે બનવા લાગે છે. શિષ્ય ગુરુમર્યાદાનું ઉલ્લંઘન રોજ રોજ કરવા લાગે છે અને આ રીતે ઉત્પન્ન થયેલો અહમ્ તેનું પતન કરે છે. તેથી જ શાસ્ત્રોમાં કહ્યું છે કે, "ગુરુજનો અને અગ્નિને ખૂબ નજીકથી ન સેવવા."

"શ્વાસોશ્વાસ સ્મરણ ગુરુ કેરો, તો સહેજે મટે ભવસાગર ફેરો." શ્વાસ અને પ્રશ્વાસમાં સતત ગુરુનું જ સ્મરણ ચાલી રહ્યું હોય ત્યારે એના ફળસ્વરૂપે "સહેજે મટે ભવસાગર ફેરો." જન્મ-મરણના ફેરાને સમજવા જેવો છે. માતાના

ગર્ભમાં નવ મહિના સુધી ઊંધે માથે લટકવું અને ગર્ભમાં પડ્યા પડ્યા ભગવાનને પ્રાર્થના કરતા રહેવું કે, હે પરમ પિતા! આ નરકની ખાણમાં હું ઊંધે માથે લટકી રહ્યો છું, આ સમયે માતાના શરીરમાં રહેલા અસંખ્ય ચરમિયાઓ મને કરડી રહ્યા છે. મારાથી બોલી શકાતું નથી; એવી આ પરિસ્થિતિમાંથી - આ હળાહળ નરકમાંથી મને મુક્ત કરો. ફરીથી આ ગર્ભમાં આવવું પડે એવાં કુકર્મો હવે હું નહીં કરું. તો ગર્ભમાં આવીને સબડવું પડે એવી સ્થિતિમાંથી મને ઉગારો. પરમાત્મા એની વિનંતી સાંભળે છે, કારણકે પરમ ગુરુદેવ પરમાત્મા તો અહૈતુકી કૃપાવાળા છે. પરમાત્માની કૃપાથી ગર્ભરૂપી નર્કાગારમાં સબડતો એ જીવ શરીર ધારણ કરીને બહાર પ્રગટે છે; માતના ગર્ભમાંથી બહાર આવે છે; પરંતુ જે ઘડીએ એને બહારના વાયુનો સ્પર્શ થાય છે એ જ ઘડીએ જીવ ગર્ભમાં પામેલાં દુઃખ અને પરમાત્માને આપેલું વચન એ બંને ભૂલી જાય છે; સંસારના વાયુ સાથે સંસારમય થઈ જાય છે. બચપણમાંથી જુવાની, જુવાનીમાંથી ઘડપણ, ઘડપણમાંથી મૃત્યુ અને પુનઃ જન્મ - એમ ચક્ર ચાલુ થઈ જાય છે.

પુનરપિ મરણમ્ પુનરપિ જનનમ્
પુનરપિ જનની જઠરે શયનમ્

ફરીને જન્મવું, ફરીને મરવું, ફરીને માતાના ગર્ભમાં તપવું; આ ક્રમ સતત ચાલુ રહે છે. ગર્ભમાં હોય છે ત્યાં સુધી એને આ ચકરાવાની વાત યાદ રહે છે, પરંતુ ગર્ભની બહાર નીકળ્યા પછી "એ રામ એના એ જ" - ફરીને વાત ભૂલી જાય છે. બાકી એવામાં જો એનો ભેટો સદ્‌ગુરુ સાથે થઈ જાય, અને સદ્‌ગુરુના સત્સંગમાં રહે તો ભૂલી ગયેલી વાત તેને ફરીને તાજી થાય છે અને એની ગાડી પાટા ઉપર ચઢવા લાગે છે.

"સહેજે મટે ભવસાગર ફેરો" - 'સહેજે' શબ્દ 'શ્વાસોશ્વાસ' શબ્દની સાથે પ્રયોજાયેલ છે. જંગલમાં જઈ, બાલદાઢી વધારી, ઉપવાસ કરી, કોઈ ઝાડ નીચે બેસીને તપ કરવાની કે વિશિષ્ટ પ્રકારના જાપ કરવાની વાત અહીં નથી. પરંતુ શ્વાસોચ્છ્વાસ સ્મરણ ચાલે, તો એ સ્મરણ કેવા પ્રકારનું થયું? સહજ. કારણ કે શ્વાસોશ્વાસની ક્રિયા એકદમ સહજ ક્રિયા છે. એમાં કાંઈ પ્રયત્ન કરવો પડતો નથી. તો, એ સહજ ઉપાસના થઈ, એ સહજ સાધના થઈ. એની પ્રાપ્તિ થતાં ભવસાગરનો ફેરો ટળી જાય છે, જન્મ-મરણના ચક્રાવામાંથી મુક્ત થવાય છે. ભવસાગરને તરી જવા માટે બીજા કોઈપણ પ્રકારના ઉપાયની જરૂર નથી. પરમ ગુરુ પરમાત્માનું સહજ ભાવે સ્મરણ થવા માંડે અને એવા એ પરમગુરુ પરમાત્માનું, જેઓ જ્ઞાન આપે છે એવા મહાપુરુષરૂપી સદ્‌ગુરુદેવનું સ્મરણ ચાલે, ત્યારે ભવસાગરરૂપી દુઃખમાંથી મુક્તિની પ્રાપ્તિ થાય છે. તો અહીં 'શ્વાસોશ્વાસ' અને 'સહજ' એ બે શબ્દો સારી રીતે સમજવાના છે.

ગુરુ ડૂબે તો પૃથ્વી કંપે,
તે અસુર જુગ જુગ નહીં જંપે;
ગુરુને તાપ અંતરમાં કરશે,
તો ગળત કોઢમાં નિશદિન ગળશે.

એવા સદ્‌ગુરુ કે જે ભવસાગરમાંથી મુક્તિ અપાવતા હોય તેમને આપણે ડૂબવીએ, તો આખી પૃથ્વી કોપાયમાન થઈ જાય. જેમ પાતાળમાં રહેલા શેષનાગ એમની ફણાને સહેજ પણ હલાવે ત્યારે પૃથ્વી કંપવા લાગે છે અને મોટા મોટા ધરતીકંપો થાય છે; જ્યાં સાગર હોય ત્યાં પર્વત થઈ જાય છે અને જ્યાં પર્વત હોય ત્યાં મોટી ખીણ થઈ જાય છે અને જ્યાં મોટી ખીણ હોય ત્યાં સાગર થઈ જાય છે. સાતમા પાતાળમાંના શેષનાગની વાતો ઘણી ગુહ્ય છે. એક પળના કરોડમા ભાગ જેટલું એમની ફણમાં કંપન થાય ત્યાં તો પૃથ્વી હાલકડોલક થઈ જાય છે. એ જ પ્રમાણે ગુરુ ડૂબે ત્યારે પૃથ્વી કંપવા લાગે છે.

જેમ ગુરુને રીઝવવાનું, પ્રસન્ન કરવાનું ફળ ઘણું મોટું છે - ગુરુને પ્રસન્ન કરવાથી જન્મ-મરણના ફેરામાંથી મુક્ત થઈ જવાય છે તેમ ગુરુને ડૂબવવાનું પાપ પણ જબરદસ્ત છે.

તો આમ, સમષ્ટિની પૃથ્વીને પણ સમજવાની છે અને વ્યષ્ટિની પૃથ્વીને પણ સમજવાની છે. વ્યષ્ટિની પૃથ્વી કહેતાં સાધક. એ શિષ્ય, કે એ સાધક, જેણે ગુરુને દૂભવ્યા છે; ચાહે તનથી, મનથી કે ધનથી દૂભવ્યા છે - ચાહે પ્રત્યક્ષરૂપે કે પરોક્ષરૂપે, ચાહે પોતાના દ્વારા કે બીજાના દ્વારા દુઃખ આપ્યું હોય; આમ, ગુરુ થોડા પણ દુભાય, તો પૃથ્વી કંપાયમાન થઈ જાય છે. સાધકના શરીરમાં રહેલ પૃથ્વીતત્ત્વ એ મૂલાધાર ચક્ર કહેવાય છે. એના દેવ ગણપતિ છે. 'ગુરુ દૂભે તો પૃથ્વી કંપે.' ગુરુ દૂભે ત્યારે સાધકનાં શરીરમાં રહેલું પૃથ્વીતત્ત્વ કંપાયમાન થઈ જાય છે અને સાધક વિકારી થઈ જાય છે. અને એમ થતાં એનામાં રોગ ફાટી નીકળે છે. જ્યારે આખા શરીરમાં રુંવાડે રુંવાડે રોગ ફાટી નીકળે ત્યારે શું થાય?

"તે અસુર જુગ જુગ નહીં જંપે." પછી એ સાધક ના કહેવાય, શિષ્ય ના કહેવાય. કારણ કે, એણે ગુરુને દૂભવ્યા છે. એ અસુર થઈ ગયો છે, સુર નથી રહ્યો. જ્યાં સુધી એ ગુરુના સાંનિધ્યમાં હતો ત્યાં સુધી એ પરમાત્માના પથ પર હતો, ત્યાં સુધી એ સુર હતો. સુર કહેતાં દેવ. અને જ્યારે એણે એ બધી વાતોનો લોપ કર્યો ત્યારે એ અસુર થયો. અને અસુરની સ્થિતિ કેવી હોય? જેને રુંવાડે રુંવાડે રોગ ફાટી નીકળ્યો હોય તેની સ્થિતિ કેવી હોય? એને પછી જંપ, સંતોષ કે શાંતિ ક્યાંથી હોય? સવજીદાસ "ગુરુમહિમા"ની આ પંક્તિમાં શું કહી રહ્યા છે? "જુગ જુગ નહીં જંપે" - આ એક જુગની વાત નથી, પરંતુ અનેક જુગોની વાત છે. જ્યાં સુધી એ ગુરુને દૂભવતો રહે છે, ત્યાં સુધી એનો ઉદ્ધાર થતો નથી.

"ગુરુને તાપ અંતરમાં કરશે." આ પણ બહુ સૂક્ષ્મ વાત છે. ગુરુનો કોઈ શિષ્ય અમેરિકામાં હોય, અને ત્યાં બેઠો બેઠો એવું કાર્ય કરે, જે ગુરુઆજ્ઞાથી વિરુદ્ધ હોય ત્યારે ત્યારે ગુરુને એનાથી તાપ થાય, ગુરુ એ વાત જાણે ત્યારે ગુરુના મનમાં દુઃખ થાય. ગુરુ અંતરના એ તાપને - મનના દુઃખને શિષ્યોની પાસે કે બીજા કોઈની પાસે વ્યક્ત ના કરે. ગુરુને શાનું દુઃખ થાય? શિષ્ય આસુરીવૃત્તિમાં જતો રહ્યો એનું. ઘણાં વર્ષો સુધી એ ગુરુની સાથે રહ્યો હતો. ગુરુના અનેક પ્રયત્નો બાદ એ દેવસ્વભાવમાં આવ્યો હતો એ પાછો નીચેની કક્ષાએ ઊતરી ગયો. શિષ્ય કલ્યાણના માર્ગ ઉપરથી અકલ્યાણના માર્ગ ઉપર જતો રહ્યો એનું ગુરુને દુઃખ થાય છે. આથી જ શિષ્યનું વર્તન એવું હોવું જોઈએ કે ગુરુને એનાથી દુઃખ ના થાય. આ તો અતિ ઊંચા આદર્શની વાત છે. આપણે એ આદર્શને લક્ષમાં રાખી જેટલા આગળ વધાય તેટલા આગળ વધવાનો પ્રયત્ન કરવો જોઈએ. આદર્શ ઊંચો રાખીએ તો એમાંનું થોડું ઘણું પાળ કરી શકાય. આપણાથી આટલું બધું શી રીતે થશે એમ માનીને નિરાશ થવાની જરૂર નથી. જેટલું પાળ થાય તેટલું કરવાનો પ્રયત્ન હોવો જોઈએ. પછી તો ગુરુની અને પરમાત્માની આપણા ઉપર જેટલી કૃપા હોય એટલું આપણે કરી શકીએ. જેટલું નાહ્યા એટલું પુણ્ય.

જો શિષ્ય દ્વારા ગુરુને તાપ થશે, પરિતાપ થશે તો તે "ગળત કોઢમાં નિશદિન ગળશે." ગળત કોઢ નામનો રોગ છે. એ તો એવું સ્થૂળ સ્વરૂપમાત્ર છે, જેમાં હાથ-પગનાં આંગળાં ગળતાં જાય. જેમ રક્તપિત્તના રોગીને થાય છે તેમ ધીમે ધીમે શરીર ગળવા માંડે છે. આ તો છે શરીરના સ્થૂળ ગળત કોઢની વાત. પરંતુ, એ માનસિક કોઢમાં પણ ગળવા લાગે છે. માયાના ચક્કરમાં પડી જઈ માનસિક પરિતાપમાં ગળવા લાગે છે. પહેલાં શ્વાસેશ્વાસે ગુરુનું સ્મરણ થતું હતું એને બદલે હવે 'એષણા'ઓનું સ્મરણ થાય છે. અનંત પ્રકારની એષણાઓ છે. એમાંની ત્રણ મુખ્ય છેઃ વિત્તેષણા, પુત્રૈષણા અને લોકૈષણા. સાચા સાધકની સ્થિતિ કેવી હોય છે? આવી :

'સાંઈ ઇતના દીજિયે, જામેં કુટુંબ સમાય;
મૈં ભી ભૂખા ના રહૂં, સાધુ ન ભૂખા જાય.'

હે પરમાત્મા ! એટલું આપજે, જેથી હું મારું અને મારા કુટુંબનું ભરણપોષણ તો કરી શકું સાથે સાધુજનો મારે આંગણે આવે એને પણ હું આપી શકું. મારે આંગણે આવેલ અતિથિ ભૂખ્યો ના જાય એટલું તું મને આપ. સાધકની આવી

સ્થિતિ હોય છે. પરંતુ, ગુરુને દૂભવવાથી એની વિત્તેષણા આગળ વધે છે. ત્યારે, ઉપર કહ્યું એટલાથી એને સંતોષ નથી થતો અને તે વધુ ને વધુ પૈસાને પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે અને તે માટે સાત્ત્વિકતા, પ્રામાણિકતા, પુણ્યતા વગેરેને તે છોડે છે. પરંતુ કોઈક સાધક વિત્તેષણા ઉપર કાબૂ કરી લે છે તો એવા સાધકને પુત્રેષણા સતાવતી હોય છે. ગૃહસ્થાશ્રમમાં પુત્રપ્રાપ્તિની ઘણી મહત્તા છે. પોતાના વંશવેલાને આગળ વધારવા માટે પોતાના કારોબારને સંભાળવા માટે એક-બે પુત્ર હોય એવી દરેક મનુષ્યની ઇચ્છા હોય છે.

પરંતુ, કોઈક વિરલા જ "વસુધૈવકુટુમ્બકમ્" માને છે. પૃથ્વી ઉપર વસનાર બધા જ મારા કુટુંબીઓ છે, એ મારા ભાઈઓ જ છે, એ મારો જ પરિવાર છે એવું વિચારે છે. એવો સાધક જ્યારે પોતાની આજુબાજુ રહેનારા પિતાઓને પુત્ર તરફથી મળતો ત્રાસ જુએ છે ત્યારે મનોમન સમાધાન કરી લે છે; અને સૂક્ષ્મ નિરીક્ષણ કરી એવા નિર્ણય ઉપર આવી જાય છે કે, બીજા બધાના પુત્રોને હું મારા સમજી લઉં તો શું બગડી જવાનું છે? વળી, એની શી ખાતરી કે જે ઉદ્દેશથી હું પુત્રપ્રાપ્તિ ઝંખી રહ્યો છું એ પાર પડશે જ? આ બધું ઘણા જુએ છે, પરંતુ સૌને એમ જ થાય છે કે, બીજાના પુત્રો ભલેને ગમે એવા હોય, મારા પુત્રો કાંઈ એવા થોડા થવાના છે? મારો ઉદ્દેશ તો મારા પુત્રો સિદ્ધ કરશે જ. એ આજુબાજુમાં, બીજાઓને અવારનવાર મરતા જુએ છે, છતાંય પોતે તો એમ જ માને છે કે, બધાં ભલેને મરતાં, મારે ક્યાં મરવાનું છે? આપણા સૌની આવી સ્થિતિ છે. વિત્તેષણા અને પુત્રેષણા કરતાં પણ જોરદાર છે લોકેષણા.

ઝીણી માયા છાની છરી,
મીઠી થઈને મારે ખરી,
વળગી પછી અળગી નવ થાય,
જ્ઞાની પંડિતને માંહીથી ખાય;
અનેક રૂપે માયા રમે,
જ્યાં જેવું ત્યાં તેવું ગમે,
અખા માયાના ઘણા છે ઘાટ,
જ્યાં જુઓ ત્યાં માયાના જ હાટ.

માયાનું આ આબેહુબ વર્ણન છે. એને ગંભીરતાથી સમજવા જેવું છે. જેઓ માત્ર વિત્તેષણા અને પુત્રેષણા ઉપર જ કાબૂ મેળવીને સાધુ-સંન્યાસી બની જાય છે, તેઓ પાછા લોકેષણામાં ફસાય છે. લોકેષણા એટલે લોકો દ્વારા પોતાની વાહ-વાહ થાય એવી એષણા-ઇચ્છા. લોકો મારા માટે શું વિચારે છે? લોકો મને યોગી, ગુરુ સમજે છે ને? મારી પૂજા કરે છે ને? મારી આટઆટલી સેવા ઉઠાવવામાં આવે છે ને? બહારની દુનિયા પાસેથી આવી પ્રશંસાની જે ઇચ્છા એનું નામ લોકેષણા. થોડી સાચી સમજને લીધે વિત્તેષણા અને પુત્રેષણા પર જેનો કાબૂ આવી ગયો એ પણ આમ લોકેષણામાં ફસાય છે.

ઉપરોક્ત ત્રણે એષણાઓમાં જે ના ફસાય એ જ તો અતિ વિરલ પુરુષ. એ ધમધમાટ કરતો મોક્ષના માર્ગ ઉપર આગળ વધતો જાય છે. પણ અહીં વાત ચાલી રહી છે. "ગુરુને તાપ અંતરમાં કરશે, તો ગળત કોઢમાં નિશદિન ગળશે"ની. ગુરુજીના અંતરમાં જ્યારે શિષ્યના ખોટા વર્તનથી તાપ થાય છે, ત્યારે શિષ્ય શારીરિક અને માનસિક એષણાઓરૂપી બંને વ્યાધિથી પીડાય છે. ત્રણે એષણાઓ વળગી હોય એની તો અહીં વાત જ નથી; પરંતુ એ ત્રણમાંથી એક પણ એષણા જેને વળગી હોય તેને તે નિશદિન સતાવતી રહે છે. એષણા ઊંઘવા પણ ન દે, સપનાં પણ એનાં જ આવે. આ પ્રકારની એષણાઓથી અતિ પરિતાપ સહન કરવો પડે છે. કારણ કે, શરીરના ગળત કોઢમાં તો તમને કોઢ લાગુ પડ્યો છે એ સૌ જોઈ શકે છે, પણ એષણાઓરૂપી કોઢની વાત તો કોઈપણ જાણી શકતું નથી, કોઈ જોઈ પણ શકતું નથી. ત્રણ એષણાઓની વાતમાં આપણે બીજી સ્વતંત્ર પ્રકારની એષણાઓને વ્યાપક અર્થમાં સમજી લેવાની છે :

ગુરુ-શિષ્ય વચ્ચે અંતર પાડે,
તો જમ જાલમ નરકમાં ડાલે;
વેદ વાંચી વધ્યા છે ઝઘડા,
સદ્‌ગુરુ શબ્દ કોઈ વિરલે પકડ્યા.

ગુરુ-શિષ્ય કે જેમનાં શરીરો જ જુદાં છે, બાકી બધું પ્રેમના તારથી, આત્માથી, ચૈતન્યથી એકાકાર જ છે; જેમની વચ્ચે અદ્વૈત-તાદાત્મ્ય સધાઈ ગયું છે એવા ગુરુ-શિષ્યના પ્રેમમાં કોઈ ઈતર પુરુષ, કોઈ અદેખો પુરુષ, કોઈ વિમુખી પુરુષ, કોઈ અધાર્મિક પુરુષ અંતર પાડવાનો પ્રયત્ન કરે, તો તેને "જમ જાલમ નરકમાં ડાલે" એમ અહીં કહ્યું છે.

ગુરુ અને શિષ્યનું અદ્વૈત થઈ ગયું હોય તો કોઈની તાકાત છે કે તેમને જુદા કરી શકે!? જુદા તો ન જ કરી શકે, પરંતુ તન, મન અને ધનથી અથવા સામ, દામ, દંડ અને ભેદથી એમ કરવાનો પ્રયત્ન પણ કોઈ કરે, તો તેની શું સ્થિતિ થાય એ વાત અહીં કરી છે. એવા મનુષ્યને યમરાજા નરકમાં નાખે છે. શાસ્ત્રમાં અનેક પ્રકારનાં નરકોની વાત આવે છે. એમાંથી જે વધુમાં વધુ દુઃખદાયી નરક હોય એમાં એ જીવને નાખે છે. એ ઘોર નરકમાંથી પછી ઉગારો થતો નથી. બીજા નરકમાં સમયમર્યાદા પૂરી થતા જીવાત્માનો ઉગારો થાય, સત્કર્મ કરવા માટે એ પાછો બહાર નીકળે, પરંતુ, ઘોર નરકમાંથી બચવાનો એનો આરોવારો નથી, કે એનો ઉગારો નથી. એ ઘોર નરક એટલે જેટલી યોનિઓ છે એ બધામાંથી જીવાત્માને પસાર થવું પડે એવી સ્થિતિ. ચોર્યાસી લાખ યોનિ જીવાત્માને ફરવાની હોય છે. તેથી જ શાસ્ત્રોમાં ચોર્યાસી લાખ પ્રકારનાં આસનો બતાવ્યાં છે. આસન એટલે દરેક યોનિમાં જીવાત્માની બેસવાની રીત-પદ્ધતિ. આમ, ચોર્યાસી લાખ યોનિનાં ચોર્યાસી લાખ આસનો છે. એમાંથી મુખ્ય આસનો ચોર્યાસી- છે, અને એ ચોર્યાસીમાંથીય મુખ્ય ત્રણ આસનો છેઃ સિદ્ધાસન, પદ્માસન અને સ્વસ્તિકાસન. આ ત્રણેયમાં સિદ્ધાસન મુખ્ય છે, અગત્યનું છે. જે આસનથી સિદ્ધિની પ્રાપ્તિ થાય એને સિદ્ધાસન કહેવાય. અસ્તુ.

ગુરુ-શિષ્ય વચ્ચે અંતર પાડે એ મનુષ્યને યમરાજા ચોર્યાસી લાખ યોનિના ચકરાવારૂપી ઘોર નરકમાં નાખે છે. આપણે આ વાતને સારી રીતે સમજ્યા. ચોર્યાસી લાખ યોનિમાં ફરતાં ફરતાં જ્યારે મનુષ્યજન્મ પ્રાપ્ત થાય ત્યારે એ જન્મને સાર્થક કરવાનો પ્રયત્ન કરીએ; સત્કર્મો કરીએ, પુનર્જન્મ ન થાય એવો અભ્યાસ કરીએ તો જન્મ-મરણના ચકરાવામાંથી છૂટી શકીએ.

"વેદ વાંચી વધ્યા છે ઝઘડા, સદ્‌ગુરુ શબ્દ કોઈ વિરલે પકડ્યા." શાસ્ત્રો વાંચવાથી, શાસ્ત્રો ભણવાથી, શાસ્ત્રો સાંભળવાથી શું થયું છે? એનાથી ફક્ત ઝઘડાઓ જ વધવા પામ્યા છે. હાલમાં મગજનો વિકાસ વધી ગયો છે. કલિકાળમાં મગજનું પ્રાધાન્ય હોય છે. મગજ વિકાસ પામેલું હોય, એટલે વાણી-વિલાસ વધી જાય છે, તર્કકુતર્ક વધી જાય છે. એનાથી જીવ નાસ્તિક થઈ જાય છે. જેના કેવળ હૃદયનો જ વિકાસ થયેલો હોય છે તે ભાવપ્રધાન બની જાય છે. તે જ્યારે પણ કોઈ મહાપુરુષની વાત, કોઈ પણ શાસ્ત્રની વાત, કોઈપણ સાત્ત્વિક આયોજનની વાત સાંભળે છે ત્યારે અતિશય ભાવમય થઈ જાય છે, ગદ્‌ગદ્‌ થઈ જાય છે. પરંતુ જેનાં મગજ અને હૃદય બંને બરાબર વિકસિત હોય તે જ, વસ્તુ જેવી છે એવા સ્વરૂપમાં એને સમજી શકે છે. હાલમાં તો વાણીવિલાસનો જમાનો છે. સૌ પોતપોતાના મુખેથી શાસ્ત્રો વાંચે છે, પણ ગુરુમુખે શાસ્ત્રો સમજવાનો પ્રયત્ન નથી કરતા. સૌએ એક જ વસ્તુ વાંચી, પરંતુ સૌની સમજ ક્યાં એક હતી? એટલે દરેક જણ પોતાની સમજ સાચી છે એમ દાવો કરવા લાગ્યા. એનો અંત ઝઘડામાં આવ્યો. એટલે દાસ સવાએ 'ગુરુમહિમા'માં લખ્યું કે, "વેદ વાંચી વધ્યા છે ઝઘડા, સદ્‌ગુરુ શબ્દ કોઈ વિરલે પકડ્યા."

કોઈક જ - વિરલા જ - સદ્‌ગુરુના શબ્દો પકડવા સદ્‌ભાગી થઈ શક્યા. સદ્‌ગુરુના શબ્દો એટલે, સદ્‌ગુરુના મુખેથી વૈખરીમાં જે વાણી વહી રહી હતી એને જ શાસ્ત્ર સમજી, જે શિષ્ય એ વાણીનું કર્ણ દ્વારા પાન કરતો હતો અને એ વાણીને બરાબર સમજી લીધી હતી; એનું નામ સદ્‌ગુરુના શબ્દો. એ શબ્દો કોઈ વિરલાઓ જ પકડી શક્યા. સામાન્ય

મનુષ્યો શાસ્ત્રો વાંચીને ઝઘડામાં પડી ગયા. સદ્‌ગુરુના શબ્દો જોગે પકડ્યા, એ તો ખામોશ થઈ ગયા, એ તો ચૂપ થઈ ગયા. "સમજ્યા તે નર ફેર ન બોલ્યા." સદ્‌ગુરુના શબ્દો જ શિષ્ય માટે આખરી શબ્દો હતા. એનું સમાધાન તો એ શબ્દોમાં જ થઈ ગયું. પછી એ બીજું શું બોલે? તો આમ, સદ્‌ગુરુ-શબ્દ સાંભળવાનો લાભ કોઈક ભાગ્યશાળીને જ પ્રાપ્ત થાય છે.

ખટદર્શનમાં ખટપટ ચાલી,
ગુરુ રીઝ્યા તેને ગુરુગમ આલી.

છ પ્રકારનાં દર્શનો કહેવામાં આવ્યાં છે. ઉપર વેદની વાત સમજ્યા, તેમ અહીં 'ખટદર્શનમાં ખટપટ ચાલી.' કોઈ કહે કે, આ દર્શનમાં ઈશ્વરવાદ છે, તો કોઈ કહે કે, આમાં નિરીશ્વરવાદ છે. એમ પોતપોતાની મતિ પ્રમાણે પોતાના વાદના પ્રતિપાદન માટે ખૂબ ખટપટ ચાલી. પરંતુ, 'ગુરુ રીઝ્યા તેને ગુરુગમ આલી.' જોગે ગુરુને સેવ્યા એવા શિષ્યોને આ ગુરુગમ પ્રાપ્ત થઈ શકે - એ છ્યે દર્શનમાં-શાસ્ત્રોમાં એકત્વ છે, કાંઈ જ જુદું નથી. ગુરુદેવે આ છ્યે દર્શનમાં કઈ રીતે એકપણું છે એ બતાવી શિષ્યના મનનું સમાધાન કરી દીધું. શાસ્ત્રોમાં કઈ રીતનું એકવાક્યપણું રહેલું છે એ ગુરુદેવે બતાવ્યું. ગુરુની સારી રીતે સેવા કરીએ ત્યારે ગુરુ પ્રસન્ન થાય, ગુરુ રીઝે અને જોગે ગુરુને રીઝવ્યા એને ગુરુગમ પ્રાપ્ત થઈ ગઈ. ગુરુગમ કહેતાં ગુરુચાવી, ભારે ચાવી; મોટાં મોટાં તાળાંઓને જે ખોલી નાખે એવી ચાવી. શિષ્ય તો, પોતાનું અજ્ઞાનરૂપી તાળું જ ખોલાવવા આવ્યો હતો. પરંતુ ગુરુએ તાળું તો ખોલી આપ્યું અને સાથે ચાવી પણ આપી દીધી એમ કહીને કે, "આ ચાવી તારી! તારી પાસે કોઈ તાળું લઈને આવે તો એને પણ તું ખોલી આપજે. હવે તાળું ખોલવવા માટે મારી પાસે આવવાની જરૂર નથી. તને ગુરુ-ચાવી આપી છે. એનાથી મોટા મોટા ગૂંચવાડા, મોટાં મોટાં બંધનો; એ બધાંને તું મિટાવી શકીશ. એ બધાંમાંથી તું મુક્ત થઈ શકીશ. એનાથી બંધાયેલો કોઈ તારી પાસે આવશે તો એને પણ તું મુક્ત કરી શકીશ."

આણલિંગી પદ સદ્‌ગુરુ આપે,
ત્રાણે તાપ મટે ગુરુ-જાપે.

આધિ, વ્યાધિ અને ઉપાધિ સ્વરૂપ ત્રાણેય તાપોનો ગુરુજાપથી નાશ થઈ જાય છે. ઉપરાંત, સદ્‌ગુરુ શિષ્યને શું આપે છે? 'આણલિંગી પદ' આપે છે. ગુરુદેવ પાસેથી જો કોઈ સૌથી કિંમતી પ્રાપ્ત કરવા જેવું હોય તો તે આ "પદ" છે. "આણલિંગી" પદની પ્રાપ્તિ સદ્‌ગુરુ પાસેથી કરી લેવી. જેમના દ્વારા આણલિંગી પદની પ્રાપ્તિ થાય તેમને સદ્‌ગુરુ સમજવા. આ વાતને બે રીતે સમજવાની છેઃ એક તો આણલિંગી પદની પ્રાપ્તિ સદ્‌ગુરુ પાસેથી કરી લેવી; અને બીજી વાત એ કે, જેમના દ્વારા આણલિંગી પદ પ્રાપ્ત થાય તેમને સદ્‌ગુરુ સમજવા.

આણલિંગી. આણ કહેતાં નહીં અને લિંગી કહેતાં લિંગવાળું. તો આણલિંગી એટલે લિંગ વિનાનું. જગતની તમામ વસ્તુઓને ત્રણ પ્રકારનાં લિંગમાં વહેંચી શકાય; નર, નારી અને નાન્યતર. જગતની કોઈપણ વસ્તુને આ ત્રણમાંથી એક લિંગ લાગુ પડશે જ. તો જે કાંઈ જોઈએ, સાંભળીએ એનો આ ત્રણ લિંગમાં સમાવેશ થઈ જાય છે. અહીં શબ્દપ્રયોગ 'આણલિંગી પદ'નો છે. તો એનો અર્થ શો?

સદ્‌ગુરુની આપણા ઉપર કૃપા થાય છે ત્યારે આણલિંગી પદ પ્રાપ્ત થાય છે. આપણી સમજ એવી સૂક્ષ્મ અને કુશાગ્ર બને છે કે લિંગ ઉપર આપણી સમજ રોકાતી નથી. જેમ એક્સ-રે વ્યાધિગ્રસ્ત મનુષ્યના બહારના શરીરને ભેદીને અંદરના શરીરનો ફોટો પાડે છે, તેમ ગુરુદેવની સેવાથી જેને આણલિંગી પદની પ્રાપ્તિ થયેલી છે એવો સાધક, જ્યારે કાગડો જુએ છે ત્યારે પુલ્લિંગ, કે ભેંસ જુએ છે ત્યારે સ્ત્રીલિંગ, કે કૂતરું જુએ છે ત્યારે નાન્યતર લિંગ એવી લિંગદૃષ્ટિ એનામાં નથી રહેતી. એને તો સર્વત્ર એક જ

ચૈતન્ય દેખાય છે. એ ચૈતન્ય લિંગ વિનાનું છે. એ ચૈતન્ય જે સર્વત્ર, સર્વવ્યાપક, પરમતત્ત્વ છે, એને કોઈ લિંગમાં વિભાજિત કરી શકાતું નથી. ગુરુદેવ દ્વારા જ્યારે આગ્નલિંગી પદની પ્રાપ્તિ થાય છે ત્યારે આપણને બધી જ જગ્યાએ ફક્ત ચૈતન્ય, ચૈતન્ય અને ચૈતન્ય જ દેખાય છે, ચૈતન્યનો જ અનુભવ થાય છે; અને ચૈતન્યનો અનુભવ કરીએ ત્યારે અભયની પ્રાપ્તિ થાય છે. જેમ કે, જોગે આગ્નલિંગી પદ પ્રાપ્ત કર્યું છે એવો પુરુષ કોઈ નારીને જતી જુએ ત્યારે એને એનું નારી-શરીર ના દેખાય, પરંતુ નારીના શરીરમાં રહેલું ચૈતન્ય જ દેખાય. આમ થાય ત્યારે એનામાં નિર્વાસનિક ભાવ આવે. અને ત્યારે એનો ભય ટળી જાય છે. જ્યાં વાસના છે, ત્યાં ભય છે, જ્યાં નિર્વાસના છે, ત્યાં અભય છે; અને જ્યાં ભય ટળી જાય, અભયપદની પ્રાપ્તિ થાય - ત્યાં બે-પણાનો નાશ થઈ જાય છે. દ્વૈતભાવ ખતમ થઈ જાય છે. માત્ર અદ્વૈત સ્થિતિ ઉત્પન્ન થાય છે. જ્યાં અદ્વૈત સ્થિતિ પ્રાપ્ત થાય છે, ત્યાં સમાધિ-સ્થિતિ છે. પાતંજલ યોગદર્શનના સમાધિપાદમાં પતંજલી મુનિ કહે છે કે -

યોગશ્ચિત્તવૃત્તિનિરોધઃ

તદાદ્રષ્ટુઃ સ્વરૂપેઽવસ્થાનમ્

જે વખતે ચિત્તવૃત્તિઓનો નિરોધ થયેલો હોય છે એ સ્થિતિને યોગ કહેવામાં આવે છે. પાંચ પ્રકારની વૃત્તિઓ છેઃ પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા અને સ્મૃતિ. આ પાંચેય વૃત્તિઓનો જ્યારે નિરોધ થઈ જાય છે ત્યારે યોગની પ્રાપ્તિ થાય છે. યોગની સ્થિતિમાં, યોગ સમયે દ્રષ્ટા-આત્મા સ્વરૂપસ્થ હોય છે, પોતાના રૂપમાં સ્થિત થયેલો હોય છે. પરમોચ્ચ સ્થિતિની આ વાત છે. અભયની પ્રાપ્તિ થાય એટલે અદ્વૈતની પ્રાપ્તિ થાય. અદ્વૈત એટલે કે બે નહીં પણ એક જ. એક એટલે એક જ, બીજું કાંઈ નહીં; પાંચેયમાંથી એક પણ વૃત્તિ નહીં - સ્વરૂપસ્થ. સદ્‌ગુરુ દ્વારા આપણને જેની પ્રાપ્તિ થાય છે એ આ કિંમતી વસ્તુની છે. આગ્નલિંગી પદની પ્રાપ્તિ એ મનુષ્યજન્મની સાર્થકતા છે. અસ્તુ.

(ક્રમશઃ)

("ગુરુમહિમા" પુસ્તકમાંથી સાભાર)

હિંસાને સમૂળ નાથવી છે?
(તો વાંચો, વંચાવો, વિચારો, પ્રચારો આ લેખને)

"અહિંસા પરમોધર્મ" અને "અહિંસા પ્રતિષ્ઠાયાં તત્ સંનિધૌ વૈરત્યાગઃ" વગેરે સંજીવની સૂત્રો કેવળ ભારત માટે જ નહીં, પરંતુ વિશ્વ આખા માટે અને જીવ તમામ અર્થે અમૃતનો કુંભ લઈને દિવ્યાલોકમાંથી ઊતર્યાં છે. આવાં નસીબવંતાં સૂત્રો કયા શુકનવંતા સંપ્રદાયે આપ્યાં કે કયા ભાગ્યવંતા મહાઅવતારે બક્ષ્યાં તેને સાબિત કરવા માટે જીભાજોડી કે માથાફોડી કરવી તે આપણી કમનસીબી છે. તેવાં સઘળાં સૂત્રોનું અધિકાધિક ચિંતન, મનન અને નિદિધ્યાસન કરીને, તેને એવી સરળ અને એવી લોકભોગ્ય શૈલીમાં રજૂ કરવાની જરૂરત છે કે, તે સંપૂર્ણ સુખ-શાંતિપ્રદાતા છે તેની ખાત્રી કરાવી શકાય. પછી તો, સૌ તેને જ આચરશે, કારણ કે સૌને સુખશાંતિ જ જોઈએ છે. મહાજનોએ તો ફક્ત, શું લાભદાતા અને અમૂલ્ય-અમોઘ ફળદાતા છે તે જ સાબિત કરી બતાવવાનું છે. આવા મહાજનોને જ સમાજ કાળક્રમે ગુરુસંતો અને પછી અવતારોમાં ગણવા લાગે છે, ભલે મહાજનોની એવી ઈચ્છા હોય કે ન હોય. અસ્તુ.

સર્વ ધર્મોમાં અહિંસાને પરમ ધર્મ કહ્યો અને કહ્યું કે, જ્યાં અહિંસાની પ્રતિષ્ઠા થાય છે, ત્યાં જીવો પોતાનો વેરી સ્વભાવ ત્યાગી દે છે.

આવી પ્રતિષ્ઠા પામનારી અહિંસાને વ્યાપકરૂપે, સર્વાંગરૂપે સમજવી જોઈએ. અહિંસાની એકાંગી વ્યાખ્યા અધૂરી રહેવાની અને પરિણામે તે પૂર્ણ લાભ નહીં આપી શકે અને પૂર્ણ વ્યાપ પણ નહીં પામી શકે.

''જીવ, જીવકે આશરે, જીવ કરત હૈ રાજ્ય''

ઉપરોક્ત સૂત્રનો અર્થ એ છે કે, એક જીવ બીજા જીવનો આશ્રિત છે. પ્રગટ-અપ્રગટરૂપે એક જીવ બીજા જીવનો અનંત પ્રકારે નાનો-મોટો આશરો, હૂંફ, મદદ વગેરે લઈને જ જીવતો હોય છે. આશરાનો અર્થ એવો નથી કે, એક જીવ બીજા જીવનું શોષણ કે ભક્ષણ કરે. પોતે જીવી શકે તેટલો આશ્રય અન્ય જીવ પાસેથી લે, અને અન્ય જીવ જીવી શકે તેટલો સહારો અન્યને આપે. 'જીવો અને જીવવા દો.' પોતે પણ જીવી શકે અને અન્યને પણ જીવવા દે.

મનુષ્ય જેમ સામાજિક પ્રાણી છે તેમ દરેક જીવ પણ સામાજિક પ્રાણી છે. કોઈ પણ જીવ પોતાના સમાજ સિવાય નહીં જીવી શકે - સુખશાંતિથી નહીં જીવી શકે. વસુધૈવકુટુમ્બકમ્ અર્થાત સમસ્ત વિશ્વ એક કુટુંબ છે-એક વિરાટ સમાજ છે. મનુષ્યને એની ઓછી-એકાંગી સમજણના કારણે, પોતાનું જ નાનું કુટુંબ કે પોતાનું ગામ કે દેશ જ કે એથી આગળ વધીને કહીએ તો, વિશ્વસમસ્તનાં માત્ર મનુષ્યો જ પોતાનો સમાજ લાગતાં હોય છે. પરંતુ, વ્યાપક રીતે વિચાર કરતાં પશુ, પક્ષી અને વનસ્પતિ જગત પણ એક આખો જીવસમાજ જ લાગશે. 'પિંડે સો બ્રહ્માંડે' અર્થાત્ પિંડમાં, એક શરીરમાં, જે કાંઈ છે તે સર્વે બ્રહ્માંડમાં પણ છે.

ઉપરોક્ત દૃષ્ટિએ વિચાર કરતાં એકેએક જીવના સુખદુઃખની અસર અન્ય સર્વ જીવો ઉપર, અતિ કે અલ્પ પ્રમાણમાં પડતી જ હોય છે. આપણા કોઈ આપ્તજનના સુખદુઃખની અસર આપણા ઉપર થાય છે તેની જ ખબર આપણને પડે છે, કારણ કે આપણી ક્ષમતા એટલી જ છે. જેમ જેમ એ ક્ષમતાનો વિકાસ થતો જાય છે, તેમ તેમ અન્ય જીવોના સુખદુઃખની અનુભૂતિની સીમામર્યાદા વિસ્તૃત થતી જાય છે. દેખીતા કોઈપણ કારણ વગર જ ક્યારેક આપણે ખૂબ સુખશાંતિ-ઉત્સાહ અનુભવતા હોઈએ છીએ, તો ક્યારેક દુઃખ, અશાંતિ અને હતાશા. સુખદુઃખની આપણા ઉપર થતી અસરની એ બધી સાબિતી છે. જેમ જેમ આપણી કરુણાનો પરિઘ વિસ્તરતો જાય છે, તેમ તેમ સમષ્ટિજીવોના સુખદુઃખની પ્રતીતિનું આપણું સામર્થ્ય પણ વિસ્તરતું જાય છે. કરુણાપરિઘનું આવું અમર્યાદ વિસ્તૃતીકરણ કાળક્રમે મહાવીરોનું સર્જન કરવામાં નિમિત્ત બનતું હોય છે.

અનુક્રમે કોઈને પોતાના સ્વજનના કે પડોશના કે મહોલ્લાના કે ગામ, શહેર, તાલુકો, ઈલાકો, રાષ્ટ્ર કે વિશ્વના અન્ય જનોના સુખદુઃખની અસર પણ થતી હોય છે. જેમ જેમ મનુષ્યની વસુધૈવકુટુમ્બકમ્ની ભાવના બલવતી થતી જાય છે, તેમ તેમ પછી તેને મનુષ્યથી આગળ વધીને પશુ, પક્ષી, વનસ્પતિ વગેરેનાં સુખદુઃખની અનુભૂતિ પણ થવા લાગે છે.

પુનર્જન્મનો વિકાસવાદનો અનુભવીઓનો નિયમ તો કહે છે કે, મનુષ્યનો અવતાર પ્રાપ્ત થતાં પહેલાં મનુષ્ય અનેક પશુપક્ષી વગેરે યોનિઓમાંથી પસાર થઈ ચૂકેલો હોય છે. જે પગથિયાંનો સહારો લઈ લઈને શિખરે પહોંચ્યા હોઈએ તે પગથિયાં તરફ, શિખરે પહોંચ્યા પછી તિરસ્કાર, અરુચિ, અપ્રીતિ કે હિંસાવૃત્તિ શા માટે? શિખર પરથી તળેટીમાં ક્યારે ફેંકાઈ જઈશું તેની કાંઈ જ ખબર નથી. તળેટીમાં પટકાયા પછી, તે જ પગથિયાં પાછાં આપણને જ ઉપયોગી થવાનાં છે. અન્ય જીવો તરફ ઉદાસીનવૃત્તિ કે હિંસાવૃત્તિ રાખવી તે તો પોતે જે ડાળ પર બેઠેલો છે તેને જ કાપવા બરાબર છે.

ગાયની હિંસાને રોકવા માટે ઘણા મોટા પ્રયત્નો ચાલી રહ્યા છે, કારણ કે ગાય અને બળદ સમાજને ઘણાં બધાં ઉપયોગી છે તેની આપણને ખબર પડી છે. ગમે તેટલાં શક્તિશાળી યંત્રો દ્વારા ખેતરમાં એકાંતે કામ કરનારને હરદમ એ જ અનુભૂતિ થતી રહે છે કે હું એકલો છું, પણ બળદ સાથે કામ કરનારાને એવું કદિ નહીં લાગે કે હું એકલો છું. તેને તો બળદ પોતાનો સાથીદાર જ લાગે છે. જીવતા જીવમાં અને મશીનમાં આટલો મોટો ભેદ છે. ગાયનાં મળ, મૂત્ર, દૂધ, દહીં, માખણ, ઘી વગેરે કેટલાં બધાં ઉપયોગી છે?

ગાય-બળદથી થતા ઉપરોક્ત સર્વ લાભોથી આપણે પરિચિત છીએ તેથી તેની હિંસાને રોકવા અને તેને સુખી કરવા જીવસટોસટનાં આંદોલનો પણ કરીએ છીએ.

જમીનમાં વાવેલો દાણો નકામો નથી જતો તેવી ખાતરીની જેમ ગાય-બળદ માટે કંઈ પણ કરેલું નકામું જતું નથી તેની આપણને પેઢીઓથી ખાતરી થઈ ચૂકેલી છે, તેથી તેના પ્રત્યેની મમતા આપણા તનમનમાં વણાઈ ગઈ છે, તેણે જ એક પવિત્રતાનું રૂપ લઈ લીધું છે. હવે ગાયથી મળતા લાભોને જુદા તારવ્યા સિવાય જ, 'ગાય એટલે પવિત્ર' એવી આપણી ભાવના દૃઢ અને રૂઢ થઈ ગઈ છે. તેથી ગાય માટે આપણે ઘણું બધું કરી શકીએ છીએ. ગાય-બળદ તરફ આવી કોઈ પ્રકારની લાગણી કે ભાવના ન હોય તેવાઓનો પણ કાંઈ તૂટો નથી. અત્યારે તો વાત ચાલી રહી છે કરુણાના વિકસીત ક્ષેત્રમાં જેઓ છે તેમની. તેવા સૌએ -

હવે ગાયબળદથી આગળ પોતાનાં ક્ષક્રિરણો (એક્સ-રે) લંબાવવાનાં છે. ગાય, બળદ ઉપરાંત અન્ય સર્વ પશુપક્ષીઓ અને વૃક્ષ-વનસ્પતિઓના લાભો જાણીને એ બધાં સુધી પોતાની મમતાને વિસ્તારવાની છે.

અમુક તરફથી આપણને લાભ મળે છે તેની તો આપણને ખબર પડી, પણ જેમના તરફથી - પશુ, પક્ષી, કીડા, મંકોડા, ઝાડ, વેલ વગેરે - આપણને કેટલો લાભ થઈ રહ્યો છે તેની ખબર નથી તેથી શું એમ માનવું કે, તેમના તરફથી કાંઈ જ લાભ નથી મળતો. તેમના તરફથી મળતા સૂક્ષ્મ લાભને જોઈ શકવાનું આપણામાં સામર્થ્ય નથી. જે કોઈનું અસ્તિત્વ છે તેમનો લાભ પણ જરૂર છે. આમ હોય તો તે બધાં રક્ષવાને જ યોગ્ય છે, ભક્ષવાને કદિ નહીં. આપણા ઘર આંગણામાં જ વસનારા જીવો - કાગડા, કૂતરાં, બિલાડાં, ઉંદર વગેરે - સમાજ ઉપર કોઈ ને કોઈ ઉપકાર કરતા જ હોય છે તે વાત, જો તેમનો સૂક્ષ્મ અભ્યાસ કરીશું તો, અજાણી નહીં રહે.

વિજ્ઞાન તો કહે છે કે, વૃક્ષો પણ અશુદ્ધ વાયુને ગ્રસી લઈને પર્યાવરણને શુદ્ધ કરે છે. આ દૃષ્ટિએ તેમની ઉપયોગિતા લાજવાબ ગણાય. વર્ષા પણ વૃક્ષો અને વનો ઉપર જ આધાર રાખે છે. વિજ્ઞાન ન કહે તો પણ વૃક્ષોના અલભ્ય લાભો આપણાથી ક્યાં અજાણ્યા છે? જે આંગણામાં લીલાછમ વૃક્ષો હિલોળા લેતાં હોય ત્યાંનું વાતાવરણ કેવું આહલાદક હોય છે! ઉનાળાના ધોમધખતા તાપમાં વૃક્ષો એરકન્ડીશનર જેવી ઠંડક આપે છે. જુદાં જુદાં વૃક્ષોની છાયામાં સુવાથી જુદા જુદા રોગો નાશ પામે છે તેમ મનાય છે. ઋષિસંસ્કૃતિ તો વૃક્ષને સજીવ માને છે, અને તે વાત સાચી પણ છે. બીજમાંથી ઊગવું, વધવું, પૃથ્વીમાંથી પોષણ મેળવવું અને યથાસમયે વિલય પામી જવું જેવાં લક્ષણો તેના સજીવપણાની જ સાબિતી છે. લજામણી જેવા છોડ તો સ્પર્શ કરતાં જ સંકોચાઈ જાય છે તેવું તેનું લક્ષણ વિચાર-ચિંત્ય છે.

'સરોવર, તરુવર, સંતજન, ફૂલે ફલે પરહેત;
ઈતને વે પાહન હનત, ઉતને વે ફલ દેત.'

સરોવર, તરુવર (વૃક્ષો) અને સંતજનો બીજાઓ માટે જ ફૂલેફલે છે. વૃક્ષને કોઈ પથ્થર મારે છે તો તે સામેથી ફળ આપે છે! આવાં પરોપકારી વૃક્ષો, વેલીઓ અને વનસ્પતિઓ પાસેથી મનુષ્યે ઘણુંબધું શીખવાનું છે. મનુષ્ય ઓછામાં ઓછું એટલું તો જરૂર શીખે કે તેનો નાશ ન કરે. એમ કરવાથી તેને પોતાને જ ફાયદો છે. આવી સાવ સાદી વાતને મનુષ્ય ક્યારે સમજશે? જન્માંધને તો સર્વત્ર અંધારું જ છે, પણ દેખતાને સાચી સમજણ નથી એ એનાથીય વધુ અંધકાર છે.

જેનો જન્મ છે તેનું મરણ પણ નક્કી છે. એ જાતે ભલે મરે કે કરમાય, પણ આપણે એમના નાશમાં નિમિત્ત બનવાની મૂર્ખામી શા માટે કરીએ? વિકાસવાદના નિયમ મુજબ આગળના તબક્કામાં સર્જન થવા જ સૌ લયવિલય પામે છે. જો સર્જન પછી વિસર્જન અને વિસર્જન પછી સર્જન એ ત્રિકાલઅબાધિત નિયમ હોય તો પછી કોઈના શરીરના વિસર્જનમાં નિમિત્ત બનવાનું ગોઝારું કાર્ય આપણે શા માટે કરવું?

જા હિ તનુ દિયો તાહિ બિસરાયો-
ઐસો નમકહરામી!
મો સમ કૌન કુટિલ, ખલ, કામી?
જૈસો શૂકરગ્રામી.
સૂર પતિત કો ઠૌર કહાં હૈ
સુનીયે શ્રીપતિ સ્વામી.

ભક્ત કવિ સુરદાસજી કહે છે કે, જોગે તન આપ્યું- જન્મ આપ્યો, તેને જ આપણે વિસરી ગયા! આ જગ્યાએ સુરદાસે ભલે જન્મ આપનાર ભગવાનને વિસરી ગયાની વાત કરી, પણ આપણે અહીં જન્મ આપનાર માતાપિતાને નજરમાં રાખી વાત આગળ ચલાવીએ.

માતાપિતાએ આપણને જન્મ આપ્યો ખરો, પરંતુ તેમને પણ જન્મ આપતાં પૂર્વે કેટલાં બધાંની સહાયતાની જરૂર પડી હશે? જાણેઅજાણે તેમણે અનેક પશુપક્ષીઓની સહાય લીધી હશે. દૂધ, દહીં, માખણ, ઘી વગેરેનો ઉપયોગ કર્યો હશે. નરમગરમ તબિયત વખતે અને પુષ્ટિ પ્રાપ્ત કરવા અર્થે અનેક વનસ્પતિઓને ખાધીપીધી અને ચોપડી હશે. આમ જહિ તનુ દિયો તાહિ બિસરાયો અર્થાત્ જોગે તન એટલે કે જન્મ આપ્યો - જન્મ આપવામાં મદદ કરી તેમને સૌને તેમના ઉપકારને - આપણે વિસરી ગયા. ઊલટું ઉપકારનો બદલો અપકારથી અર્થાત્ હિંસાથી આપી રહ્યા છીએ! કેવા નિમકહરામ છીએ આપણે! આપણી કુટિલાઈ, અવળચંડાઈ, કઠોરપણું અને મૂર્ખપણાનો કોઈ પાર ખરો? વળી, સુરદાસજી શૂકરગ્રામી કહીને મનુષ્યને ગામડાના શૂકર-ભૂંડની સાથે સરખાવે છે. ભૂંડ આમેય ખૂબ કામાંધ ગણાય છે, એમાં આ તો પાછું ગામડાનું ભૂંડ! એના જેવા આપણે વિકારોમાં વિવેકને ભૂલીને આડેધડ હિંસા-સંહાર આચરી રહ્યા છીએ, પછી સુખી ક્યાંથી થવાના? નિમકહરામને આરામ (શાંતિ) કે રામ (ભગવાન) કદી ન મળે.

પરોપકારીઓની પરાવાણીને કાનસોંસરી ક્યાં સુધી કાઢીશું? સર્વ જીવોના કલ્યાણ માટે જ જેઓનો અવતાર થયો છે તેઓ આપણને ખોટો ઉપદેશ આપે ખરા? તેમને કયો સ્વાર્થ છે? સર્વેના કલ્યાણનો પ્રયત્ન કરવો તે જ તેમનું જીવનકાર્ય છે, જીવનાનંદ છે. 'અહિંસા પરમ ધર્મ છે' એ અમોઘ મંત્રને તાત્ત્વિક રીતે સમજવાનું આપણું ગજું ન હોય તો જેઓ અધિકારી છે અને આપ્તજનો છે તેમનું કહેવું તો માનીએ! એટલી બુદ્ધિ તો ચલાવીએ! અહિંસા પ્રતિષ્ઠાયાં તત્સંનિધૌ વૈરત્યાગઃ અહિંસાની જ્યાં પ્રતિષ્ઠા છે અને જ્યાં તેનું પાલન થાય છે, ત્યાં વેર વિસરાઈ જાય છે.

હિંસાથી વેર બંધાય છે. વેરથી બદલો લેવાની ભાવના ગંઠાય છે. બદલાની ભાવનાથી હિંસા આચરાય છે. હિંસાથી વેર, વેરથી બદલાની ભાવના એવો આ રહેંટનો કદી છેડો જ નથી આવતો. અને પછી દુઃખ-અશાંતિનો પણ છેડો જ નથી હોતો. માટે હવે તો ચેતીએ!

વિજ્ઞાન અને વિજ્ઞાનીઓ કાયમી સુખશાંતિને પૃથ્વી ઉપર ઉતારવા દીર્ઘકાળથી તૂટી મર્યા છે, પણ તેનું કોઈ ફળ દેખાય છે ખરું? અનેક પ્રકારની દવાઓ, ઈંજેક્શનો, જાતભાતના અનંત પ્રકારનાં રસાયણો અને છેલ્લામાં છેલ્લી ઢબનાં વૈજ્ઞાનિક સાધનો, નાનામોટા જીવોની હિંસા કરવા માટે અને રોગોની રોકથામ કરવા માટે શોધાયાં છે, પણ તો પણ રોગોમાં કે જીવજંતુઓની ઉત્પત્તિવૃદ્ધિમાં કોઈ જ ઘટાડો નોંધાયો છે? હિંસાનું વિજ્ઞાન તો ઘટોત્કચની જટા-માયા જેવું સાબિત થયું છેઃ એકને મારો ત્યાં અનેક ઊભા! અનેક વર્ષોનો આપણો આવો જ અનુભવ હોય છે, તો પછી એકને હણીને અનેકનો વધારો શા માટે કરવો? શું આ બધી વાતો બહેરા કાને જ અથડાવાની? શું આવાં બધાં બિહામણાં હિંસક દશ્યો આંધળાને જ દેખાડવાનાં? આપણે તો હિંસાની પ્રતિક્રિયારૂપ દુઃખદર્દોના ઊકળતા તાવડામાં ઓરાણા છીએ, પણ આવતી પેઢીને એમાં ઓરાતી નથી બચાવવી? ઊગતી પેઢીને બચાવી લેવાની પહેલ કરવી તે ઘણા મોટા પુણ્યનું કાર્ય છે. આશ્રમો, મંદિરો, અપાસરા, દેરાસરો વગેરે ધાર્મિક સ્થાનો બંધાવવા કરતાં, અને અનેક પ્રકારની પરબો બેસાડવા કરતાં પણ આ કાર્ય ઘણું અગત્યનું, ઘણા પુણ્યનું અને અતિ ત્વરાપૂર્વક કરવા જેવું છે. કહે છે કે -

'પાણી પાયે પાંચ પુણ્ય, છાશ પાયે પુણ્ય છો;
અન્ન ખવરાવ્યે અનેક પુણ્ય, જો મન ક્યવાય નહીં તો.

ઉપર કહ્યા તેવા પાંચ, છ અને અનેક પુણ્યની વાત સાચી, પણ આવી સાચી સમજણને કોઈ પ્રગટ જ ન કરે, તેનો કોઈ પ્રચાર જ ન કરે તો? તો આવી ઉત્તમ ઉપયોગી સમજણની ખબર જ કોને પડે, ક્યાંથી પડે? માટે આમ કહીશું કે,

'અહિંસા વાંચ્છયે પાંચ પુણ્ય,
પ્રચાર્યે પુણ્ય સો;
આચરણે અનંત પુણ્ય,
દષ્ટા બન્યે નહીં ભો.'

પાણીની, છાશની, રસની કે શરબતની પરબો બેસાડીએ તે ઘણા મોટા પુણ્યનું કામ છે તે ખરું, પણ તેવી પરબો બેસાડવાની સાચી સમજાણ જે સામયિકમાં, સાહિત્યમાં કે સામગ્રીમાં પિરસાયેલી/નિરૂપાયેલી હોય તેની કિંમત તો, મહત્તા તો ઘણી મોટી છે. સર્વ પરબોની જનની તો એવી સાહિત્યસામગ્રી છે જેમાં તેના રહસ્યની જાણકારીઓ આલેખાયેલી હોય. માટે આવી લેખસામગ્રીની કિંમત ઓછી ન આંકીએ. આનો ખૂબ પ્રચાર કરનારા પણ મોટા પુણ્યભાગી બને છે.

અહિંસાને આચરણમાં મૂકનારા એટલું પુણ્ય પ્રાપ્ત કરે છે કે એટલું બીજા કોઈ પણ સ્થૂળ-ધાર્મિક આચરણ કરનારને પણ પ્રાપ્ત નથી થતું. અને -

અહિંસાથી મળતા લાભોની સાચી સમજાણ આપનાર અને તેનું રહસ્ય ખુલ્લું કરનાર તેના આદિદષ્ટાઓની તો કિંમત કોણ આંકી શકે? જો કે તેવી કિંમતની તેમને કાંઈ પડી પણ નથી. તેઓ તો પોતાના નિજાનંદમાં નિમગ્ન હોય છે. તેમને પછી પુનર્જન્મનો ભો-ભય નથી રહેતો. અસ્તુ.

આદિ દષ્ટાઓના તાત્ત્વિક સમજાણરૂપી અરીસા ઉપર જ્યારે જ્યારે કાળરૂપી ખેપટનું આવરણ ચડી જાય છે, ત્યારે ત્યારે તેને જુદાં જુદાં રૂપે-રંગે સમજાવીને ખેપટને ઉડાડનાર તેમના પ્રતિનિધિઓ પણ જાગે છે. તેમને પણ તેમના આદિદષ્ટાની જેમ સામાન્ય મનુષ્ય ઓળખી શકતો નથી. જો ઓળખી શકે તો ખૂબ લાભ લઈ શકે. અસ્તુ.

वितर्का हिंसादयः कृतकारितानुमोदिता
लोभक्रोधमोहपूर्वका मृदुमध्याधिमात्रा
दुष्राज्ञानानंतफला ईति प्रतिपक्षभावनम् ।

હિંસાદિ પાપકર્મો કરવાના વિતર્કો મનમાં ઊઠે ત્યારે તેને આવી પ્રતિપક્ષની ભાવનાથી હઠાવવાનો પ્રયત્ન કરવો-

ભલે, પોતે કરેલા, બીજા પાસે કરાવેલા, કે પોતે અનુમોદન આપેલા હશે તોપણ; અથવા તો એ ભલે લોભ, મોહ કે ક્રોધને વશ થઈને કરેલા હશે, તોપણ, કે ભલે મૃદુ વેગથી, મધ્યવેગથી કે અતિ વેગથી કરેલા હશે તોપણ હિંસાદિ પાપોનું ફળ અનંત અને અનંતકાળ સુધી અજ્ઞાનમાં રહેવાનું અને દુઃખો ભોગવવાનું જ છે. અનંત દુઃખો ભોગવવાના ભયથી મનુષ્ય પાપ કરતાં પાછું વાળીને જુએ છે. એ વખતે આવાં દુઃખોના વિચારોની સ્મૃતિ તેને બચાવી લે છે. અસ્તુ.

'ગુણ ઉપર ગુણ કરે, એ તો વહેવારા વટ;
અવગુણ ઉપર ગુણ કરે, તેને હિંડોળા ખટ.'

કોઈ આપણું કામ કરે અને આપણે તેમનું કામ કરીએ એ તો એક વહેવાર થયો. એવું તો વહેવારનો વટ સાચવવા જબ્બર મારીનેય કરવું પડે. ઉછીના લીધેલા રૂપિયા પાછા જ ન આપીએ તો આપનારો ચપ્પુ બતાવીને કે કોર્ટે ઘસડીને વસૂલ લે જ. લીધેલું ન આપે તે વહેવારનો બૂઠો ગણાય. તેથી બૂઠા ન ગણાવાના ભયે પણ ઉછીનું લીધેલું પાછું આપી દઈએ. વહેવારના બુઠા માણસો પણ હોય છે. અત્યારે તો આપણે વહેવારિયા અને તેથી મૂઠી ઉપર ઊઠેલા વહેવારિયાઓની વાત કરવી છે.

લીધું અને દીધું તે તો એક વહેવાર થયો. તેમ, જીવો અને જીવવા દો તે પણ એક વહેવાર થયો. તું મને જીવવા દે અને હું તને જીવવા દઉં. વહેવારમાં રહેવું એ પણ એક ઉમદા ગુણ છે. પણ વહેવારથી ઉપર નીકળી જવું અર્થાત્ જેનું ઉછીનું લીધેલું ન હોય તેને પણ આપવું, એટલે કે મને જીવવામાં મદદ ન કરતા હોય તેને પણ હું જીવવામાં મદદ કરું એ અતિ ઉમદા ગુણ છે. ઉમદા ગુણવાળાને હિંડોળાખાટ અર્થાત્ સુખશાંતિ પ્રાપ્ત થવાનાં જ. તેનો મોક્ષમાર્ગ નિષ્કંટક થવાનો જ.

લક્ષ્ય ટોચે રાખીશું ત્યારે મધ્યે તો પહોંચાશે જ પણ જો લક્ષ્ય જ મધ્યનું હશે તો ભોંય ભેગા થઈ જવાના. જો અવગુણ ઉપર ગુણ કરવાની વિચારસરણી અપનાવીશું તો વહેવારમાં તો જરૂર રહી શકીશું. પણ જો વહેવારનો જ આદર્શ રાખીશું તો વહેવાર પણ નહીં સાચવી શકીએ. તેથી-જીવો અને જીવવા દો એ તો ખરું જ પણ-

'મરીને પણ જીવવા દઈશું,
એ આદર્શને વળગી રહીશું.'

ઉદાસ "યોગભિક્ષુ" શું કામ?

- યોગભિક્ષુ

સર્વજીવ સમભાવ નહીં રાખીએ અને માત્ર કોઈ અમુક જ જીવ તરફ પક્ષપાત રાખીશું, ત્યાં સુધી તે અમુકને પણ રક્ષવામાં નિષ્ફળ જઈશું. આ રહસ્ય આજ સુધી રહસ્ય જ રહ્યું છે.

એક ભાઈ ભલે પોતાના બીજા ભાઈને ખૂબ પ્રેમ કરતો હોય, પણ ત્રીજા ભાઈ તરફ પૂર્ણ બેદરકાર રહેતો હોય તો તેથી તેના પિતા તેના તરફ ખૂબ નારાજ થવાના. જે સંતાન તરફ પિતા નારાજ હોય તે સંતાનને પિતાના શુભાશિષ મળે નહીં અને તેથી તે સદા નિષ્ફળ જ રહે.

વિશ્વજીવોના પિતા વિશ્વનિયંતા પરમાત્મા છે. તેઓ કીડીથી લઈ કુંજર અને વાઘથી લઈ ઉંદર સુધીના પોતાના સર્વે જીવ-બાળકો ઉપર સમાન પ્રેમ રાખે છે, અને બીજા પણ એમની ઉપર પોતાના જેવો જ પ્રેમ રાખે એવું તેઓ ઇચ્છે છે. તેથી જેઓ સર્વજીવસમભાવ રાખી જાણે છે તેમના ઉપર જ પરમાત્માના પૂર્ણ આશિષ ઊતરે છે. પરમપિતા પરમાત્માના આશિષ પામ્યા પછી જ સર્વ જીવોનું રક્ષણ કરવામાં સફળ થઈ શકાય છે. અહિંસાના પ્રચારકોએ પુનઃ પુનઃ આ રહસ્ય સમજવું અને સમજાવવું પડશે.

અમુક જીવો આપણને વધુ ઉપયોગી છે તેવું સમજીને આપણે તેમના તરફ પક્ષપાત રાખીએ છીએ તે આપણી ઓછી સમજણ કહેવાય. દેશ, કાળ અને પરિસ્થિતિ મુજબ દરેક જીવનો યથાયોગ્ય ઉપયોગ અને લાભ કુદરત તરફથી જ નક્કી થઈ ગયેલા હોય છે. નહીં તો બિન ઉપયોગીનું સર્જન કુદરત તરફથી થયું જ ન હોત. ઝેર અને અમૃત કુદરતની જ રચના છે. બુદ્ધિપૂર્વક ઉપયોગ કરનારાઓ માટે ઝેર પણ અમૃત સમાન સાબિત થાય છે. તેવી જ રીતે પ્રજ્ઞાવંત જનોને નાના મોટા સર્વ જીવો, તે તે જીવની સીમામર્યાદામાં સંપૂર્ણ ઉપયોગી - લાભદાતા જ અનુભવાતા હોય છે.

પ્રજ્ઞાવંત મહાપુરુષોના મસ્તકોમાંથી જ પુસ્તકો બહાર પ્રસવ્યે જતાં હોય છે. તે પુસ્તકો જ કાળક્રમે ધર્મગ્રંથો અને ધર્મશાસ્ત્રોનું રૂપ ધારણ કરતાં હોય છે. ધર્મશાસ્ત્રોના ત્રિકાલાબાધિત નિયમો જ્યારે કેવળ ભૌતિક સુખ પીરસવા માટે જુદા તારવાય છે, ત્યારે તે જ નિયમો વિજ્ઞાનનું નામ ધારણ કરે છે. વિજ્ઞાન એકાંગી વિકાસ આપે છે, જ્યારે ધર્મ સર્વાંગી વિકાસ સાધે છે. અર્થાત, જે સર્વાંગી વિકાસ સાધવામાં મદદ કરે તેનું જ નામ ધર્મ.

કુટુંબમાંથી એક પણ સભ્યનું ખૂન થતાં પિતાને પોતાનું કુટુંબ ખંડિત થયેલું લાગે છે અને તેઓ ખૂની તરફ કોપાયમાન થાય છે. તેમ વિશ્વમાંના એક પણ જીવની હત્યા-હિંસા થતાં વિશ્વપિતાને પોતાનું વિશ્વકુટુંબ ખંડિત થયેલું લાગે છે અને તેથી તેઓ પોતાના કુટુંબને ખંડિત કરનારા તરફ મહા કોપાયમાન થાય છે.

અત્યારે સમસ્ત મનુષ્યસમાજ પરમપિતા પરમાત્માના કોપનો ભોગ બનેલો છે, તોય બુદ્ધિના બૂઠા, અવળચંડાઈમાં શૂરા અને 'હું બધાંથી હોંશિયાર' એવા ફાંકામાં રાચતા મનુષ્યને પરમાત્માના કોપથી આવી પડેલા દુઃખદર્દોનો આગસાર પણ આવતો નથી એ કેવું દુઃખદ આશ્ચર્ય કહેવાય!

પરમાત્માને ન માનતા હોય તે ભલે કર્મને માને, અને કદાચ કોઈ કર્મમાં પણ ન માને તેથી આંબામાંથી આંબો જ કે લીમડામાંથી લીમડો જ થાય છે એવો નિયમ કાંઈ થોડો જ બદલાઈ જવાનો છે? પુણ્યનું ફળ સુખ અને પાપનું ફળ દુઃખ એ સિદ્ધાંત થોડો જ પલટાઈ જવાનો છે?

હવે આ બધું જાણ્યા પછી, જેને સુખી થવું હોય તે સુખી થવા માટે અને જેને દુઃખી થવું હોય તે દુઃખી થવા માટે સ્વતંત્ર છે.

હતું એટલું આપી દીધું છે,
સુખી થવાનું રહસ્ય તમામ;
કરશે તેવું ભરશે સૌ કોઈ,
ઉદાસ 'યોગભિક્ષુ' શું કામ?

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીનો પ્રેરણાદાયી પત્ર

અમદાવાદ

તા. ૧૬-૮-૯૮

પરમ તપોમૂર્તિ, પરમ શ્રદ્ધેય ડો. સવિતાદીદી

તથા શ્રી ધીરેન્દ્રભાઈ અને મહેન્દ્રભાઈ.

આપના તરફથી સ્મારક વ્યાખ્યાનમાળાનું નિમંત્રણ મળ્યું. આપના દરેક કાર્યક્રમનું મમતાભર્યું નિમંત્રણ આપ અચૂક મોકલાવો જ છો, જે મેળવીને ખૂબ આનંદ અનુભવાય છે, પણ શરીર નરમ ગરમ રહેવાને કારણે અનેરો લ્હાવો લઈ શકાતો નથી તેનું દુઃખ તો રહે જ છે. આસો વદ અગિયારસે ઈકોતેરમું વર્ષ શરૂ થશે. અત્યારે તો- ધડપણમાં તો-

આંખ કૃત્રિમ, દાંત કૃત્રિમ, માથામાં પડી ગઈ ટાલ;

ચક્કર આવે, ગેસ સતાવે, હાથ પગ ચીંથરે હાલ.

જેવી સ્થિતિ થઈ જતી હોય છે, પણ લોકકલ્યાણકારી કાર્યોની હૂંફથી જીવન જીવાયે જતું હોય છે. પરમ ગુરુ પરમાત્માએ આપણા ઉપર કૃપા કરવામાં કંઈ બાકી નથી રાખ્યું. હવે તો તેમને પ્રાર્થના કરીએ કે, એ એવી કૃપા કરે કે તેમણે કરેલી એ કૃપાને આપણે સાચી રીતે સમજીએ. અસ્તુ.

ભૌતિકતાને ભગાડીએ, આત્મિકતાને આરાધીએ,

જીવ સર્વેને સન્માનીએ, તો શાંતિને પામીએ.

આપનાં કલ્યાણકારી કાર્યો સૌને પ્રેરણા પીરસો એ જ પ્રભુને પ્રાર્થના. અનુભવીઓએ તો ઉંકેકી ચોટ કહ્યું છે કે -

રહો ન ભૂલકે કભી મદાંધ તુચ્છ વિત્તમેં,

સનાથ જાન આપકો કરો ન ગર્વ ચિત્તમેં;

અનાથ કૌન હૈ યહાં? ત્રિલોકીનાથ સાથ હૈ;

દયાલુ દીનબંધુ કે બડે વિશાલ હાથ હૈ.

અતીવ ભાગ્યહીન હૈ, અધીર ભાવ જો ભરે;

વહી મનુષ્ય હૈ કિ જો, મનુષ્ય કે લિયે મરે-જીએ,

સભી કે લિયે જીએ-મરે.

અનુભવીઓ તો એક વાક્યમાં સાવધાન કરી દેતા હોય છે. સ્વામી નિત્યાનંદ તેમના શિષ્ય મુક્તાનંદને અવારનવાર કહેતાઃ 'મુક્તાનંદ! પુસ્તક ક્યા દેખતા હૈ? મસ્તક દેખ, મસ્તક! સભી પુસ્તકેં મસ્તકમેં સે નીકલી હૈ.'

(૧)

તું કહે છે પુસ્તકનું ચોરેલું, હું કહું પોતે અનુભવેલું,

તું કહે છે પુસ્તકમાં લખેલું, હું કહું છું મસ્તકમાં દેખેલું.

(૨)

વેદ-ઉપનિષદ ભણ્યો નથી, મહાશાળાએ હું ચઢ્યો નથી;

જે વદ્યો તે ગુરુકૃપાથી, યોગભિક્ષુ બન્યો બહુ મથી.

(૩)

ભિક્ષુની જગમાં શું હસ્તી? કૃપા વિણ જાણે એ પસ્તી;

પ્રભુ તણી અકળ શક્તિ, જે ગુરુ સ્થાપે જબરજસ્તી.

પુનઃ પુનઃ યોગભિક્ષુની અનેક શુભેચ્છાઓ સહ

સર્વેને વંદન-પ્રણામ.

પ્રેરણાદાયી પત્રો

(૧)

સ્વામી અક્ષરાનંદ સરસ્વતી
બુદ્ધ સત્સંગ મંદિર
જેરસિંહગઢ
પો. પાલિતાણા, જિ. ભાવનગર
તા. ૨૭/૯/૨૦૦૧

પરમ સમાદરણીય, જ્ઞાનદ્રષ્ટા, ઉપકારક
યોગીરાજશ્રી,

ઓકટોબર-નવેમ્બર-ડિસેમ્બર-૨૦૦૧ના 'ઋતુમ્ભરા'ના અંકની સામગ્રી વાંચતાં લાગ્યું કે, આવી અમૂલ્ય સામગ્રી કેવી રીતે સાચવવી?

આપે તો જ્ઞાનભંડારમાં ભરેલાં અમૂલ્ય હીરા-મોતી આપ્યાં - સાચવવાની જવાબદારી પોતપોતાની.

આ પત્ર ફક્ત અભિનંદન માટે જ લખું છું.

અને 'ઋતુમ્ભરા'ના નિયમિત વાચક તરીકે સમયે સમયે જણાવવું જરૂરી છે કે 'ઋતુમ્ભરા' નિયમિત વંચાય છે.

-સ્વામી અક્ષરાનંદ સરસ્વતી

(૨)

સૂરત
તા. ૧-૭-૯૮

પરમ પૂજ્ય બાપુજી (યોગભિક્ષુજી)
ૐ જય નારાયણ સહસ્નેહ વંદન.

શું લખવું? ગુનેગાર માણસ ન્યાયની આશા કેવી રીતે રાખી શકે? આપની નિર્વ્યાજ પ્રેમધારામાં અમો બંને બહેનો વર્ષોથી સ્નાન કરી પાવનતા પ્રાપ્ત કરતાં રહ્યાં છીએ, છતાં પણ સંચિત કર્મોનાં બંધનો એટલાં બધાં ઘેરી વળે છે કે અમો બંને બહેનો લાચાર બની ગયાં છીએ. શરીરની બિમારી અને સંજોગોને લીધે બધા જ સાંસારિક સંબંધોથી મુક્ત થઈને રહીએ છીએ. છતાં પણ યુવાનીમાં (થયેલાં) શુભ કર્મોના પ્રભાવે જે સ્નેહીઓ અમને ચાહતા રહ્યા છે તેમને લીધે અમને ઘણી જ ઓછી વેદના ભોગવવી પડે છે. તે આપની કરુણા જ છે.

આપના સાંનિધ્યને લીધે તન-મનથી શાંત રહીએ છીએ એમ લખીએ તે યોગ્ય ગણાય કે કેમ તેની ખબર નથી; પણ સત્સંગનો સાચો અર્થ આપે જ અમારા દિલ-દિમાગમાં ઊતારી આપ્યો છે અને એવો પ્રસરી ગયો છે કે અમે ગમે ત્યાં જઈએ કે ગમે તેવા મહાન આત્માઓ અમારા સંપર્કમાં આવે તોપણ આપની મૂર્તિનાં જ દર્શન પામીએ છીએ.

આ વખતની ગુરુપૂર્ણિમાએ આપનાં પ્રત્યક્ષ દર્શન અને પૂજનમાં આવી શકીએ તેમ નથી, પણ તેની વેદના અમો અત્યારથી ભોગવીએ છીએ. એ વેદના દ્વારા આપની વાત્સલ્યમૂર્તિની વારે વારે ઝાંખી થયા કરે છે અને મન હળવું બની જાય છે. અમારા ભાલમાં આપના સ્વહસ્તે ચંદનનો જે ચાંદલો થતો આવે છે તે મનોભાવથી અમો આપની સમક્ષ જ છીએ અને આપની છાયામાં જ પૂજનભાવની વેદનાથી મુક્ત થઈ સત્સંગની ધારા દ્વારા અમારું મન ગુરુભાવ બાજુ વળી જશે એવું અમને લાગે છે.

પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહીં જીન ઉપકાર;
એવો લક્ષ થયા વિના ઉગે ન આત્મવિચાર.

-શ્રીમદ રાજચંદ્ર

આપનાં પ્રત્યક્ષ દર્શન થયા પછી જ આત્મભાવનો પ્રભાવ સમજાયો અને માણ્યો છે. શારીરિક દુઃખો ઘણાં

ભોગવ્યાં - દોઢ વર્ષમાં - પણ મન ખૂબ જ શાંત રહ્યું છે તે આપની કૃપા દ્વારા જ એમ સમજાય છે. ખૂબ જ દબાણથી આપની સમક્ષ પ્રત્યક્ષ પૂજન માટે આવી શકીએ, પણ આ એક માનસિક વેદના કેવી પવિત્ર અને સુખદાયક છે કે વર્ષની એક ભાવનાને અમો વર્ષો પછી, આપને આજના દિવસે માત્ર પત્ર દ્વારા જણાવી શકીએ છીએ.

શું પ્રભુ! ચરણ કને ધરું? આત્માથી સહુ હીન;
તે તો ગુરુએ આપિયો, વર્તું ચરણાધીન.

આપની બંને પુત્રીઓ
ડાહીબેન અને હેમલતાબેનના ઓમ્ સહ નમસ્કાર.

તા. ક.: ઓમ્ પરિવારના આત્મીય સ્નેહીજનોને અમારા જય નારાયણ સહ વંદન.

(૩)

કે. સી. શાહ
અમેરિકા

પ. પૂ. પ્રાતઃસ્મરણીય સદગુરુ શ્રી યોગભિક્ષુજી,
સાદર-સાષ્ટાંગ પ્રણામ,

આપશ્રી દ્વારા આમંત્રણ-નિમંત્રણ પત્રિકા મળી. સુવિચાર, સ્વાનુભવપૂર્ણ, પ્રેમભાવ અને ભક્તિપૂર્ણ લખાણ-સંદેશ વાંચી હૃદય પુલકિત થયું.

ગુરુપૂજન એ ભારતીય સંસ્કૃતિનું સુમધુર તેમજ ભાવભીનું મહોત્તમ કાવ્ય છે.

ગુરુપૂજન એટલે -
- સત્યનું પૂજન
- જ્ઞાનનું પૂજન
- કૃતજ્ઞતા સમર્પિત કરવાનો સુવર્ણ દિન.

ગુરુપૂર્ણિમાનો દિવસ એટલે જ્ઞાનના સૂર્ય, પ્રેમના મહાસાગર અને શાંતિના હિમાલય એવા પરમોચ્ચ ગુરુનું પૂજન કરવાનો પુણ્ય અને પાવક દિન.

ગુરુપૂજન એટલે ધ્યેયપૂજન. ધ્યેયમૂર્તિ ગુરુ, શિષ્યને ધ્યેય આપે છે અને પ્રેયથી શ્રેયે લઈ જાય છે. ધ્યેય આવતાં જ સંયમ આવે છે. સંયમથી શક્તિ સંગ્રહિત થતી જાય છે અને શક્તિથી ઈશ-સાક્ષાત્કાર.

ગુરુ તો શિષ્યના જીવનનું 'પેપરવેઈટ' છે; જેના કારણે વાસનાના વિચારોથી, વૃત્તિઓની કનડગતોથી અને દુર્ગુણોના દોષોથી શિષ્યની જીવનકિતાબનાં પાનાં ઊડી જતાં નથી.

ગુરુ કુંભાર-પ્રજાપતિ છે, જે શિષ્ય એવા કાચા કુંભને બાહ્ય ઘા થકી ઘાટ આપે જાય છે અને આંતઃ(અંદર)થી પંપાળ, અંતર(હૃદય)થી પ્રેમભાવ અને ભક્તિની ભીનાશ વરસાવે છે.

હા, જો વધારે પડતું યા ખોટું લખાણ થયું હોય તો ગુરુભાવે ક્ષમા-યાચના. અસ્તુ.

પરમ કૃપાળુ પરમાત્મા આપશ્રીને નિરામય દીર્ઘાયુ બક્ષે, જેથી આપશ્રી આપનાં સત્કાર્યને, સદ્પ્રવૃત્તિઓને અને પરમ ધ્યેયોને નિર્વિઘ્ને પાર પાડી શકો એવી આ અલ્પજ્ઞ તવ દાસની અંતઃપૂર્ણ અભ્યર્થના-પ્રાર્થના.

શુભમસ્તુ....
હરિઓમ્....
જય ગુરુદેવ..... કોટિ કોટિ પ્રણામ સહ

લિ.
આપનો વિશ્વાસુ,
કૃષ્ણદાસ

તા. ક.: પરિવાર વૃંદના સાદર પ્રણામ.

લેસર ટાઈપસેટીંગ
જાનકી ગ્રાફીક્સ એન્ડ સ્ક્રીન પ્રિન્ટીંગ,
૧૦, ત્રિવેણી પાર્ક સોસાયટી, રન્નાપાર્ક,
અમદાવાદ-૬૧. ફોન : ૭૪૫૪૬૬૯

ईश्वर का बोधक (नाम) प्रणव/ओम् है।

(समाधिपाद के सूत्रों का भावानुवाद)

(२४) क्लेश, कर्म, कर्मफल और वासना जिसमें नहीं है ऐसा पुरुषविशेष/चेतनविशेष ईश्वर है।

(२५) ईश्वर संपूर्ण सर्वज्ञ है।

(२६) ईश्वर पूर्वकाल के गुरुओं के भी गुरु है और काल की मर्यादा से (जन्म–मृत्यु से) पर है।

(२७) ईश्वर का नाम प्रणव/ओम् है।

(२८) अर्थ के चिन्तन सहित ओम् का जप करना।

(२९) चिन्तन सहित जप करने से अन्तरायों का अभाव और आत्मसाक्षात्कार होता है।

प्राप्तिस्थान : ओम् परिवार, १/अ, पलियडनगर, नारणपुरा, अहमदाबाद-३८० ०१३।

● ट्रस्टना उद्देशो :-

(१) सर्वव्यापक परम सूक्ष्म चेतन तत्त्व के जेनुं नाम प्रणव (ओम् -ॐ) छे तेनी प्रतीति बहुजनसमाजने करावबा प्रयत्न करवो. (२) 'योग' नो प्रचार, प्रसार अने संशोधन करवा प्रयत्न करवो. (३) समाजनुं नैतिक धोरण ऊंचुं लावबा माटे आध्यात्मिक ज्ञाननो साहित्य द्वारा प्रचार अने प्रसार करवानो प्रयत्न करवो. (४) आ उपरांत 'बहुजनहिताय-बहुजनसुखाय'ने लगतां कार्यो जेवां के केळवणी, तबीबी सारवार वगेरे करवा माटे प्रयत्न करवो.

PRINTED BOOK
Registrar of News Papers of India under Regd.No.48770/90
L-5/131/QTY./34/90-91

To,

આદ્યસંસ્થાપક તથા આધ્યાત્મિક વડા
પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી

PRINTED & PUBLISHED BY :-
Dr. S. S. Bhikshu for
AUMGURU PREMSAMARPANDHYANBHIKSHU PARIVAR TRUST
3/B, Paliadnagar Society, Naranpura, Ahmedabad - 380 013.
Printed at : Shree Graphics, Navrangpura, Ahmedabad.
Hon. Editor : Naishadh Vyas
(Reg. No. E/4416 Date 11-5-81)
I.T.E.U. 80-G (5) No. H.Q. -III 33-163/95-96 up to March-2000

લવાજમ દર :-

વાર્ષિક સભ્ય (ભારતમાં) ...રૂા. ૨૦-૦૦
આજીવન સભ્ય(ભારતમાં) ...રૂા. ૨૫૦-૦૦
વાર્ષિક સભ્ય (પરદેશમાં) ...૧૨ $
આજીવન સભ્ય(પરદેશમાં)...૧૦૧ $

લવાજમ મોકલવાનું તથા "ઋતમ્ભરા"ને લગતો પત્રવ્યવહાર કરવાનું સ્થળ :-

(૧) ડૉ. સોમાભાઇ એ. પટેલ
૩/બ, પલિયડનગર
સેન્ટ ઝેવિયર્સ હાઇસ્કૂલ રોડ,
નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

(૨) નૈષધભાઇ સી. વ્યાસ
"સ્વાશ્રય",
૩, ગંગાધર સોસાયટી,
રામબાગ પાછળ, મણીનગર,
અમદાવાદ-૩૮૦ ૦૦૮.

સૂચના :-

(૧) લવાજમ ચેક દ્વારા અથવા મનીઓર્ડર દ્વારા "ઓ. પ્રે. પ. ટ્રસ્ટ"ના નામે મોકલવું. સાથે આપનું પૂરું નામ, સરનામું શુદ્ધ અક્ષરોમાં લખી મોકલવું.

(૨) જે સભ્યનાં રહેઠાણનાં સ્થળ બદલાયાં હોય તેમણે તેમના નવા રહેઠાણનું પૂરું સરનામું લખી મોકલવું જેથી વ્યવસ્થાપકોને અંક મોકલવામાં સરળતા રહે.

પ.પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી
સાથેના સંસ્મરણો તથા પ્રેરક
પ્રસંગો આવકાર્ય છે.